Seat No. : _______________

# AF-103

**April-2015**

**B.A., Sem.-VI**

**CC-314 (EA) : Gujarati**

**[સાહિત્ય સ્વરૂપ : ખંડકાવ્ય] (આપણાં ખંડકાવ્યો)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** **બધા** પ્રશ્નોના ગુણ સરખા છે.

1. ખંડકાવ્યનું સ્વરૂપ સમજાવી, ખંડકાવ્યના વ્યાવર્તક લક્ષણો સવિસ્તાર લખો. **14**

**અથવા**

ગુજરાતી ખંડકાવ્યના ઉદ્ભવ અને વિકાસ વિગતે આલેખો.

2. 'આપણાં ખંડકાવ્ય'નું ખંડકાવ્યના લક્ષણોને આધારે સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. **14**

**અથવા**

'અતિજ્ઞાન' અને 'બિલ્વમંગળ' એ બંને ખંડકાવ્યને એના લક્ષણોને આધારે વિગતે તપાસો.

3. કોઈપણ **બે** વિશે ટૂંકનોંધ લખો. **14**

(1) 'ચક્રવાક મિથુન'માં પ્રણય જીવનની કરુણતા

(2) 'વસંત વિજય'માં પ્રકૃતિ નિરૂપણ

(3) 'વિશ્વશાંતિ'માં રજૂ થયેલું ચિંતન

(4) 'દશરથનો અંતકાળ'ની નિરૂપણ રીતિ

4. (અ) કોઈપણ **એક**નો વિચાર-વિસ્તાર કરો. **7**

(1) ત્રણ વાનાં મુજને મળ્યાં : હૈયું, મસ્તક, હાથ.
બહુ દઈ દીધું, નાથ ! જા, ચોથું નથી માગવું.

(2) ફૂલને મારગ સહુ કોઈ ચાલે, કંટક મારગ કોઈ

(બ) કોઈપણ **એક** ગદ્યખંડનું વિસ્તરણ કરો. **7**

(1) "આજે માહિતીનો યુગ છે. માહિતી જ જ્ઞાનેન્દ્રિયો દ્વારા ચિત્તમાં જ્ઞાનરૂપે સ્થાયી થાય છે. પછી એ જ કાર્યમાં રૂપાંતરિત થાય છે ત્યારે એવો મનુષ્ય નિયંત્રણ વિનાના કમ્પ્યુટર કે રૉબોટ કરતાં ભાગ્યે જ જુદો પડે છે. એકમાત્ર વિવેક (પ્રજ્ઞા) જ મનુષ્યને ચેતનાના ઉપલા સ્તરે પહોંચાડી સ્વ તથા અન્યના ભલા માટે યોગ્ય બનાવી શકે. વર્તમાન શિક્ષણ પ્રથાની આજ એક મોટી ખામી છે કે એમાં જ્ઞાનને પ્રજ્ઞા સ્તરે લઈ જવા પ્રત્યે પૂરતું લક્ષ અપાતું નથી."

(2) "અણુશસ્ત્રોના ઉદ્રેકને કારણે આખી માનવજાતિને માથે આજે ઊભું થયેલું જોખમ કેવું કારમું છે, અને તે આજનાં બલાઢ્ય રાષ્ટ્રોના અરસપરસના રાગદ્વેષોને કારણે કેટલું નજીક આવી લાગ્યું છે, એનો ખ્યાલ હવે સહુ કોઈને આવવા લાગ્યો છે.

જે વૈજ્ઞાનિકોએ અણુ શોધો કરવા પાછળ જીવતર સોંઘાં કર્યા તેઓ આજે રાજદ્વારીઓને હાથે થઈ રહેલી તે શોધોની વિટંબણા જોઈ હાથ ઘસી રહ્યા છે. પણ ગાંઠેથી રતન છોડીને આપી દીધા પછી રાજદ્વારી ધણિયામાઓ આગળ તેઓ બધા લાચાર રાંકડ બની ગયા છે. એમનું હવે કશું ચાલતું નથી."

5. (અ) જોડકાં જોડો : **7**

| **અ** | **બ** |
|---|---|
| (1) અતિજ્ઞાન | (a) ગણપતલાલ ભાવસાર |
| (2) બિલ્વમંગળ | (b) નરસિંહરાવ દિવેટિયા |
| (3) વિશ્વશાંતિ | (c) કલાપી |
| (4) અશ્વત્થામા | (d) કાન્ત |
| (5) દશરથનો અંતકાળ | (e) ઉમાશંકર જોશી |
| (6) ઉત્તરા અને અભિમન્યુ | (f) ઝવેરચંદ મેઘાણી |
| (7) અભિસાર | (g) મનસુખલાલ ઝવેરી |
| | (h) કૃષ્ણલાલ શ્રીધરાણી |

(બ) હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો : **7**

(1) ગુજરાતી ખંડકાવ્યની શરૂઆત કોણે કરી ?

(અ) નર્મદ (બ) કાન્ત (ક) કલાપી

(2) ગુજરાતી ભાષાનું પ્રથમ ખંડકાવ્યનું નામ આપો.

(અ) વસંત વિજય (બ) સારસી (ક) અતિજ્ઞાન

(3) 'વસંત વિજય'માં કયા રાજાની પીડાનું આલેખન છે ?

(અ) દશરથ (બ) પાંડુ (ક) જનક

(4) 'એભલવાળો' ખંડકાવ્યના કવિ કોણ છે ?

(અ) કવિ બોટાદકર (બ) મનસુખલાલ ઝવેરી (ક) કલાપી

(5) 'આપણાં ખંડકાવ્ય' - પુસ્તકના સંપાદકો – શ્રી ધીરુભાઈ ઠાકર, શ્રી ચિમનલાલ ત્રિવેદી, શ્રી ચંદ્રશંકર ભટ્ટ છે – ખરું કે ખોટું ?

(6) ખંડકાવ્યની શરૂઆત સુધારક યુગમાં થઈ હતી – ખરું કે ખોટું ?

(7) આમાંનું કયું કાવ્ય ખંડકાવ્ય નથી ? ભરત કે વધામણી.

---

Seat No. : _______________

# AF-103

**April-2015**

**B.A., Sem.-VI**

**CC-314 (EB) : Gujarati**

**(કૃતિ – 'ફાર્બસવિરહ', દલપતરામ)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (1) આ પ્રશ્નપત્રમાં કુલ **પાંચ** પ્રશ્નો છે.

(2) જમણી બાજુ લખેલ અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

1. 'કરુણપ્રશસ્તિ કાવ્ય'નું સાહિત્ય-સ્વરૂપ વિસ્તારપૂર્વક સમજાવો. **14**

**અથવા**

ગુજરાતી સાહિત્યમાં કરુણપ્રશસ્તિ કાવ્યના ઉદ્ભવ-વિકાસની ચર્ચા કરો.

2. કરુણપ્રશસ્તિ કાવ્યના લક્ષણોને આધારે 'ફાર્બસવિરહ' નું મૂલ્યાંકન કરો. **14**

**અથવા**

'ફાર્બસવિરહ' માંથી પ્રગટતા ફાર્બસ સાહેબના વ્યક્તિત્વનો વિગતે પરિચય કરાવો.

3. ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**) **14**

(1) 'ફાર્બસવિરહ'માં દલપતરામનું મૃત્યુ વિષયક ચિંતન

(2) 'ફાર્બસવિરહ' – શીર્ષકનું ઔચિત્ય

(3) 'ફાર્બસવિરહ' માં છંદ-અલંકાર વૈવિધ્ય

(4) ફાર્બસ – દલપતનું પ્રથમ મિલન અને તેની અસર

4. (અ) વિચાર-વિસ્તાર કરો. (ગમે તે **એક**) **7**

(1) 'આ નગરનાં વૃક્ષ મારી લાગણી છે,
પાન અમથું તોડતો મા, ઓ મુસાફર !'

(2) 'સાંજ પડતાં યે ફર્યું ના એટલે,
શોધવા પંખીને, માળો નીકળ્યો !'

(બ) ગદ્યખંડનો વિસ્તાર કરો. (ગમે તે **એક**) **7**

(1) 'જે વ્યક્તિ ઊગતા કે આથમતા સૂર્યનું સૌન્દર્ય, ચાંદની રાતની શીતળતા, સૂમસામ રાતનું સંગીત, ઊંચા-ઊંચા પર્વતોની ભવ્યતા, વહેતાં ઝરણાંનો કલરવ, હવાનો મધુર સ્પર્શ કે ભીની માટીની સોડમ માણી શકે નહીં, તે એટલા પ્રમાણમાં સુખી થવાની ક્ષમતા ગુમાવી દે છે. સુખી સ્વભાવની વ્યક્તિ ધનવાન હોય કે નિર્ધન, કુદરતનાં સૌન્દર્ય અને ભવ્યતાને જોઈને આનંદથી વિભોર થઈ જાય છે – થઈ જવી જોઈએ.'

(2) 'સાંપ્રતકાળમાં મોટાભાગના માણસો ફક્ત દેહ-સૌન્દર્યને જ પ્રાધાન્ય આપે છે. પોતાના દેહ-સૌન્દર્યને નીરખવા તેઓ અરીસા રાખે છે. પોતાના દેહ સૌન્દર્યનું પ્રદર્શન પણ કરે છે અને હરખાયા કરે છે. આચાર-વિચારમાં પોતાનું સૌન્દર્ય જોવાનું આજના મોટાભાગના માણસો ભૂલી ગયા છે. હા, આવા માણસો એટલા ભાગ્યશાળી જરૂર છે કે જે અરીસામાં તેઓ પોતાના રૂપાળા દેહને ધારી ધારીને જુએ છે તે અરીસો તેમના આત્માનું, તેમના ચારિત્ર્યનું, તેમના મન-મસ્તિષ્કની ગંદકીનું પ્રતિબિંબ નથી પાડતો ! ..... માણસના ભીતરનો ચહેરો ખુલ્લો થાય, એ ચહેરાનું પ્રતિબિંબ સહુ પામી શકે એવો અરીસો શોધવો જોઈએ.'

5. યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. **14**

(1) દલપતરામ ક્યાંના વતની હતા ?

(a) વાંકાનેર (b) લીંબડી
(c) વઢવાણ (d) સંજાણ

(2) દલપતરામના પિતાનું નામ શું હતું ?

(a) સોમાભાઈ (b) મંગળભાઈ
(c) બુધિયાભાઈ (d) ડાહ્યાભાઈ

(3) દલપતરામે 'હુન્નરખાનની ચઢાઈ' વિશેનું વ્યાખ્યાન ક્યાં આપ્યું હતું ?

(a) સુરત (b) વડોદરા

(c) અમદાવાદ (d) રાજકોટ

(4) દલપતરામે કઈ સંસ્થાના મંત્રી તરીકે સેવા આપી હતી ?

(a) ગુજરાત સાહિત્ય અકાદમી (b) ગુજરાતી સાહિત્ય પરિષદ

(c) ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (d) બુદ્ધિવર્ધક સભા

(5) એલેજીનાં મૂળ કઈ ભાષાની કવિતામાં છે ?

(a) ગ્રીક (b) અંગ્રેજી

(c) ફારસી (d) સંસ્કૃત

(6) અંગ્રેજી એલેજી 'ઈન મેમોરિયમ'ના કવિનું નામ શું છે ?

(a) મિલ્ટન (b) ટેનિસન

(c) જ્હોન્સન (d) ઓડન

(7) નરસિંહરાવનું કયું કરુણપ્રશસ્તિ કાવ્ય ગુજરાતી સાહિત્યમાં મોખરે છે ?

(a) 'સ્નેહમુદ્રા' (b) 'પુત્રવિરહ'

(c) 'સ્મરણસંહિતા' (d) 'પરલોકે પત્ર'

(8) 'સદ્‌ગત મોટાભાઈ' એ કયા કવિ દ્વારા રચિત કરુણપ્રશસ્તિ કાવ્ય છે ?

(a) સુરેશ જોશી (b) ઉમાશંકર જોશી

(c) સુન્દરમ્ (d) હરિવદન જોશી

(9) એલેકઝાંડર કિન્લોક ફોર્બ્સનો જન્મ ઈંગ્લેન્ડના કયા શહેરમાં થયો હતો ?

(a) માન્ચેસ્ટર (b) લેસ્ટર

(c) બર્મીંગહામ (d) લંડન

(10) દલપતરામની ફાર્બસ સાથે પ્રથમ મુલાકાત કઈ ઈસ્વીસનમાં થઈ હતી ?

(a) 1848 (b) 1849

(c) 1847 (d) 1850

(11) 'ફાર્બસવિરહ'માં સૌથી વધુ કયો છંદ પ્રયોજાયેલો જોવા મળે છે ?

(a) ઈન્દ્રવિજય (b) મનહર

(c) હરિગીત (d) ઘનાક્ષરી

(12) દલપતરામની 'ફાર્બસવિલાસ' એ કયા સ્થળે યોજાયેલા કવિ સંમેલનના દૃશ્યોને રજૂ કરતી રચના છે ?

(a) વડનગર (b) સુરેન્દ્રનગર

(c) ઈડર (d) હિંમતનગર

(13) ફાર્બસ સાહેબનો જન્મ ક્યારે થયો હતો ?

(a) 1819 (b) 1820

(c) 1821 (d) 1822

(14) ફાર્બસ સાહેબનું અવસાન ક્યાં થયું હતું ?

(a) મુંબઈ (b) અમદાવાદ

(c) દિલ્હી (d) પુના